# ગામડાઓમાં ડાયાબિટીસનો ભરડો

## ■ ૮.૫ ટકા ડાયાબિટીસ અને ૫.૧ ટકા લોકો હાયપરટેન્શન ધરાવે છે

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા.૨૩

અમેરિકન નેવીના એક ગુજરાતી તબીબે એક પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના ગામાડાઓમાં કરેલા સર્વે દરમિયાન એવી ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે ગ્રામ્ય વિસ્તારોમાં ડાયાબિટીસ અને હાયપરટેન્શનના જે કેસો નોંધાયા છે તેના કરતા ૭૦૦ થી ૮૦૦ ગણા કેસો એવા છે કે જે હજુ સુધી નોંધાયા નથી. એટલું જ નહી પણ જેમને આ સમસ્યા ઊભી થવાની સંભાવના છે તેવા લોકોની સંખ્યા પણ અનેક ગણી માનવામાં આવી રહી છે.

અમેરિકન નેવીમાં વર્ષો સુધી સરફેશ મેડિસિન ડિપાર્ટમેન્ટના ડિરેક્ટર તરીકે અને ત્યાર બાદ અમેરિકન ગર્વમેન્ટના ડિપાર્ટમેન્ટ ઓફ વેટર્ન અફેર્સના નેશનલ ડિરેક્ટર તરીકે સેવા આપી ચૂકેલા ડો.ઠાકોરભાઇ જી.પટેલે ગુજરાતમાં 'સેવક' શીર્ષક હેઠળ આ અભિયાન છેલ્લા ૨.૫ વર્ષથી હાથ ધર્યુ છે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમે સૌ પ્રથમ સર્વે દિલ્હીમાં અને તમિલનાડુના ૬ ગામોમાં કર્યો. તો જાણવા મળ્યું કે દિલ્હીમાં ૧૪ ટકા લોકો ડાયાબિટીસનો ભોગ બનેલા છે તો તમિલનાડુના ગામડાઓમાં આ પ્રમાણ ૮ ટકા હોવાનું બહાર આવ્યું. ત્યાર બાદ અમે ગુજરાતમાં સર્વે કરવાનું નક્કી કર્યુ. અમે શરૂઆત પાદરા તાલુકાના કરખડીથી કરી. ડો.પદ્મીની બાળાગોપાલે ત્યાં રહીને ડાયાબિટીસનો સર્વે કર્યો તો જાણવા મળ્યું કે કુલ વસ્તીના ૮ ટકા લોકો ડાયાબિટીસ ધરાવા છે. દરેક ગામમાં સેવકને ડાયાબિટીસ માપવાનું, બ્લડ પ્રેશર માપવાના મશીન અને વજન કાંટા આપવામાં આવ્યા. છેલ્લા અઢી વર્ષમાં ૨૬ સેવકોએ કુલ ૨૦,૦૦૦ લોકોનો સર્વે કર્યો છે ગ્રામ્ય વિસ્તારમાં ૮ ટકાથી વધુ લોકો ડાયાબિટીસનો ભોગ બની ચૂક્યા છે તો ૫.૧ ટકા લોકો હાયપરટેન્શન સાથે જીવી રહ્યાં છે.